




## થાઈ ટ્રેડ સેન્ટરના કોન્સ્યુલ જનરલનું ડેલિગેશન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની મુલાકાતે આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગના વિકાસને ધ્યાને લઈ તેઓના પ્રશ્નો અને સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ લાવવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. વિદેશ વેપારમાં રાજકોટ શહેર ઘણું મોખરે છે. અને રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ હબ બન્યુ છે ત્યારે વેપાર-ઉદ્યોગકારોને પોતાના વેપારમાં વધુ વેગ મળે તે માટે થાઈ ટ્રેડ સેન્ટરના ટ્રેડ ઓફિસરશ્રી અશ્વૈન ફરનાન્ડીઝ, એકઝીક્યુટીવ ડાયરેકટર સુપત્રા સવૈન્ગસરી તથા તેમની ટીમએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લિધેલ. આ મુલકાત દરમ્યાન રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા અને માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા ઉપસ્થિત રહી રાજકોટ શહેરની વિવિધ સેકટરની ઈન્ડસ્ટ્રીઝ અંગે વિગતવાર જાણકારી આપેલ.

થાઈ ટ્રેડ સેન્ટરના ડેલીગેશન દ્વારા રાજકોટ તથા થાઈ શહેર વચ્ચે પરસ્પર વેપાર વૃદ્ધિમાં વધારો થાય તે માટે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. તેમજ રાજકોટની કંપનીઓને થાઈ શહેરમાં ઈન્વેસ્ટ કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારીયાદીમાં જણાવેલ છે.